भूतनु अस्तित्व छेके नहि'

(અનેક ગ્રંથોને આધારે)

સુજ્ઞ સારને સંઘરે, દુર્જન ધરે ન નાક,
પયપાણી ભેગા કરો, હંસ કરે પયપાન

૫૮(-૧)

રચનાર

નારાયણરાવ બાબાજી બિડાલકર

અને

નારણભાઇ ભલાભાઇ પટેલ

આસિ. માસ્તરો તા. સ્કુલ પેટલાદ.

સુરત

ખોદાબક્ષ પ્રેસમા એમ જે પોટ્ટવાળાએ છાપી

કીમત રૂ ૦—૧—૦

પોસ્ટેજ આનો અડધો.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

नमस्ते नीलकठाय सच्चिदानंद रुपिणे ।
योगिने वृषपाळाय भूताना पतयेनमः ॥

ભૂત.

(અનેક મરાઠી ઇંગ્લીશ તથા ગુજરાતી પુસ્તકોના આધારે.)

અતિ પ્રાચીન વખતથી આ વાત ચાલતી આવેલીછે, મનુષ્ય માત્ર એમ ધારે છેકે મર્ણ વખતે માણુસના શરીરના આત્મા અને શરીર એવા જે બે ભાગ તેનો વિયોગ થતાં તે સ્થળે મરી ગએલા માણસની આશા રહેલી હોય છે અને તેથી કરીને તેનો આત્મા પીશાચ રૂપે ભ્રમણ કરે છે ભુત વિષે જેણે કાંઇ પણ સાભળ્યુ નથી એવો એક પણ માણુસ આ દુનીઆમા મળવાનો નથી આડિસને એક સ્થળે એવુ લખ્યુ છેકે જેમા ભુત નથી એવુ એક પણ ગામડુ વિલાયતમા નથી આ તેનું કહેવુ દુનીઆમાના પ્રત્યેક શહેર, ગામ અને ગામડાને લાગુ પડશે આપણા દેશમા ભુત, શિકોતરૂ, બ્રહ્મરાક્ષસ ચુડેલ, ડાકણ, ખવીશ, ઝાપડી, મેલડી પૈસાના ડબ્બાપર બેઠેલા રક્ષક નાગ વિગેરે વિષે જેણે કાંઇ સાભળ્યું નથી એવા કેટલા લોકો નિકળશે? અમુક અમુક ઘરમા ભુત છે તે ત્યા કોઇને રહેવા દેતુ નથી, ફલાણી આમલીએ માથા વિનાનો ખવીશ બેસી રાત્રે ત્યાથી જનાર આવનારા લોકોને ભય બતાવે છે વિગેરે અનેક વાતો, લોકોએ સાભળી હશે ભુતના મુખ્ય રહેઠાણુની જગ્યા કહીએ તો કેરડો અને બાવળ તેમા મુખ્યત્વે કરીને આમલી, તે ઉપરથીજ આપણામા કહેવત પડી છેકે, ભુતનુ ઠેકાણુ

આમલી આના કરતા પણ ભુતનું અવલ મુખ્ય ર’ કર્યું એટલે ઉજડ જન્ગા અને સ્મશાન ત્યા તેમ ક્રિડાઓ યથેચ્છ નજરે પડે છે અવભુતી કૃત માલ્ મ.તર નાટકના પાચમા અકના પ્રારભમા આ મર્મ પ્ર ઉત્તમ રીતે ચીતરેલો છે અગ્તુ ત્યારે સ્મશાન એ ભુતનુ મુખ્ય વસ્તી સ્થાન છે આ ભુતનુ વસ્તી સ્થાન હોવાનુ કારણ પણ ઉઘાડુ છે કે એકદર પ્રેતકર્મ સાજ થતા હોવાથી ભુત સાજ હોય છે કો- ઇને ભુત જે ની જો કાપી ઇચ્છા થાયનો માત્રીક અથવા એવીજ પકાન્તા મુખ્ય લોકો ભોળા લોકોને સ્મશાનમા જઇને બતાવે છે ભુત દિવસે જણાતા નુ નહીં, તે મ ત્ર રાત્રે દેખાય, તેમા કાળી અધારી મધ્યમ રાત્રે વિશેષ નજરે આવવાનો સભવ છે આ એકદર લોકોની કલ્પના હોવાથી ભોર ભવા વીગેરે લોકોને ભુત બતાવવાની પ્રથમથીજ ગેઇને ખબર ન પડતા તજવીજ કરવા ઠીક ઠ વેકે ત તૈયારી પણ બહુ જ બરાબસ્ત હોતી નથી, માત્ર એટલીજ હોય છે કે પ્રથમ ત્યા જીવતા આગ્ગાળભુતને ત્યા લઇ જઇ તેની પાસેથી ભુતાદી ક્રીઆઓ યથાસ્તીન કરાવવાની, તેમા વળી ભુત બતાવનારો પેલો ભૂવો દુર ઉભા રહી ભુત જોનારા લોકોને કહે છે કે જોજો રે ભાઈઓ, કોઇ પાસે ન જશો, નીકર ભુત તમારો ધોધગોજ પકડશે, આમા જો કોઈ તેના માથાનો મળે તો બીચારાની ફજેતી પણ થાય છે

સુમારે થોડા વર્ષપર અમદાવાદમા દોલતખાનાની પાછળ વિઠોબાના મદીરમા એક ખતરી આવેલો તે હુબેહુબ દેરીના દર્શનનો લાભ લોકોને પોતાના મત્ર દિ સામર્થ્યથી આપતો

જે લોકો જોઇ આવતા તે દેવીનો પોશાક તેનુ મંત્ર સામર્થ વિગેરેની અતિશયજ તારીફ કરતા એક દિવસે કેટલાક વિદ્વાન અને શોધક માણસો આ દેખાવ જોવાને ગયા. ખતરીએ તેમનો ઉત્તમ રીતે આદરસત્કાર કરી ઉપલા હમેશાના ધાબામાં તેમને બેસાડયા. બરોબર બારને ટકોરે દેવી કુમડાપર બેસી હાથમા સમશેર લઈ ત્યા આવી હાજર થઇ આ દેખાવ જોઇ જોનારા તદન અજાઈ ગયા તેમાથી એક જણે દેવીને મારવા માટે છાપરેથી નળીયુ લીધુ આ જોઇ તેના સોબતીએ કહ્યુ કે અરે આ તુ શુ કરે છે ખરેખાત હું કહુ છુ કે આ ઢોંગ નથી, કદાપી દેવીને વાગશે તો અહીંથી આપણે સુખે ઘેર પણ પહોચવાના નથી આના કહેવાપર દુર્લક્ષ આપી જોરથી નળીયુ માર્યુ તે દેવીને છાતીમા વાગ્યુ તેવુજ બાપ ગાના બાપ, મેર મારા ગેયા રે આવા વિદ્વાન જણમાન શુ કરવા બોલાવ્યા? એમ બોલતી બોલતી અંદરના ઓરડામા જતી રહી ને તેજ દિવસે તેને વાગેના ભાગપર મીઠું અને હળદર ચોપડવાની જરૂર પડી બીચારો ખતરી ગભરાઈ ગયો અને તેણે માફ માગીને કહ્યુ કે આ વાત જાહેર કરશો નહીં, મારા ગરીબના પેટ ઉપર શા માટે આપ પગ મુકો છો આના જેવી બીજી વાતો અમારા વચનારામાથી કોઈને વાચવાની મરજી હોયતો કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈનો ભુત નિબંધ જુવો. અસ્તુ ત્યારે આવા અનેક પ્રકારોથી દુનીઆ ઝુકતીહે ઝુકાનેવાલા ચાહીએ આ કહેવત પ્રમાણે તેમનો ચરીતાર્થ ભોળા લોક ઉપર ચાલે છે.

હવે ભુતો વિષે જે અનેક કલ્પનાઓ છે તેમા કેટલુ તથ્ય રહ્યું છે તેનો વિચાર કરીએ કોઈ પણ વાત ખરી છેકે ખોટી તેનો નિર્ણય કરવાને ત્રણ રસ્તા હોય છે એક તો પોતાની સંભાવ્યતા, બીજુ પ્રત્યક્ષ પ્રમાણ, ત્રીજુ વિશ્વાસપાત્ર, માણસના ભાષણ અથવા

લેખ હવે આ ત્રણે વિષે ક્રમે ક્રમે વિચાર કરીએ ભુત પ્રેત એ ખરેખર નજરે જણાય છે એ સભવીત છેકે અસભવીત તેના વિશે પ્રથમ વિચાર કરીએ ભુત એટલે શું એવી જો કલ્પના કરીએ તો તરતજ આપણી ખાતરી થશે કે શરીરને છોડીને ગયેલો આત્મા. ત્યારે ભુત એટલે આત્મા એમ સિદ્ધ થાય છે. મરી ગયા પછી શરીરની શી વ્યવસ્થા થાય છે એતો પ્રત્યેક જણુ જાણે છેકે કબીર ઊકિત પ્રમાણે મરી ગયા પછી શમને "પાચ પચીસા આયે બનાતી ચડો કાટકી ઘાડી, નદી કિનારે કુંકદીયો હે જેસી ફાગનકી હોલી' ત્યારે દહન થયેલા શરીર સુધા ફરીથી તે આત્મા નજરે જણાય એ સભવે કેવી રીતે વારૂ માણસોને જીવ કશામા રહી ગયો ને તે ભુત થયો એમ જો ખરૂ માનીએ તો ભૂતમય શરીરની જે વ્યવસ્થા થાય છે તેના જેવીજ બલકે જુદા પ્રકારની કરણી આત્માને કરવાની છે જેમ બડેજાવ મહેરબાનવાળા ચક્રવર્તિ મહારાજા આગળ કોઈ એક માડલીક રાજાને તેના કરેલા શાસનો બદલ હજુરમા હાજર થઈ જવાબ આપવો પડે છે તેમ આપણા-માના દરેક માણસને યમરાજના ત્યા જવાબ આપવાનો નથી શુ ? પછી જેનો જીવ કશામા રહી જતો હોય ને તેને ચિત્રગુપ્ત પોતાના ચોપડામા જમા ઉધાર બરાબર કરી છુટ આપતો હોય તો ઈશ્વર જાણે! ત્યારે આ ઉપરથીજ એક જબરજસ્ત કલ્પના ઉત્પન્ન થા-ય છે તે અર્થાત એકે આત્મા જો ભુત થાયછેતો એક દર યચ્ચયાવત્ શાસ્ત્ર બધા ખોટા પડશે મરી ગયા પછી આત્માનું શુ થાય છે તેને માટે શ્રીકૃષ્ણ ભગવાન ગીતામા કહે છેકે—

वासांसि जीर्णानि यथा विहाय। नवानि गृह्णाति नरोऽपराणि। तथा शरीराणि विहाय जीर्णान्य न्यानि संयाति नवानि देही।

જેવી રીતે કોઈ માણસ જુના થયેલા વસ્ત્ર નાખીને બીજા નવાં લેછે તેવી રીતે આ દેહ જુનો દેહ છોડી નવો દેહ લેછે

તાડીશ્રુતીમા ગૌતમે જૈમિનીને પ્રશ્ન કર્યો કે જીવ આ દેહાતર કેવી રીતે કરે છે ત્યારે જૈમુનીએ કહ્યુ કે જીવ ચદ્ર મડળથી ઔષધીમાં આવી ધાન્ય દ્વારે પુરૂષના ઉદરમા જઇ રેત થાયછે અને તે રેત યોનીને સ્થળે નિશિક્ત થતા ક્રમે ક્રમે મોટો થાય છે અને રેત રૂપી જીવ પોત પોતાના કર્માનુગેધ કરીને જે યોનીમા જાય છે તે યોની તેને પ્રાપ્ત થાય છે

ગણેશીલાલ ઉર્ફે છોટુમલજી રેહેવાશી બ્યાવર જીલ્લે અજમેર એમણે સાહીપુરાવાસી સ્વામી મહારાજ શ્રી હીમતરામજીને એક પ્રશ્ન પુછેલો તે આ સ્થળે લખતા મારા લખાણને પુષ્ટી કરણ મળશે માટે ચમ્દેશ ઉતારો કરૂ છુ **मरना जीना किसको कहेतेहै** ક્યા મરતાહૈ ઔર કોન જન્મતાહૈ ઉત્તર–જ્ઞાની પુરૂષ ધીરજ ધરકે મૃત્યુકો તરતેહૈ અર્થાત મૃત્યુ રહીત હોતેહૈ, ઔરજીવ જન્મતાહે ઔર મરતાહૈ પ્રમાણ-**पाराशर्यायण श्रुतिः अशोत्थेषप रस्ययोऽयंपुमानुत्पद्यतेचाम्रियतेचनानात्वेन व्यपदिशंति।** અર્થ પર જો પરમાત્મા જીસકા યહ જીવ અ શહૈ નિશ્ચય

કરીકે સો ઉત્પન્ન હોઈએ ઔર મરેહે દેહ સમ્બન્ધસેયાહીને ઈસજી-
વનકો નાના વિપદેશ કરતે હે અર્થાત કહેતે હે सोऽस्मा च्छरीरा
दुत् क्रम्यामुंलोकम भिगच्छत्यमुष्माद्दिमंलोकमागच्छति
सगर्भीभवति सप्रसुयतेसकर्मकुरुते इति पैाष्यायण श्रुतेः
અથ શો જીવ ઇસ શરીરને નીકલકે ઔર શરીરમે જાતાહે ફેર ઉસ
શરીરકો છોડકે ઇશ લોકમે આતાહે ગર્ભમે પ્રવેશ હોતાહે ફેર
જન્મતા હે ફેર કર્મ કરતા હે પૂર્વ કર્મ ક્ષીણહુવેશે મરતા હે
मृत्वा पुनर्मृत्युमापद्यते अद्यमाना स्वकर्मभिः
ઈન શ્રુતીયોસે જીવકા જન્મ મરણ પ્રસીદ્ધ હે.

આ સિવાય पुनरपिजननं पुनरपि मरणं पुनरपिजननिजठरेशयनं શંકરાચાર્યનો ચાબખો સર્વ પ્રસિદ્ધ છેજ મરી ગયા પછી શુ થાય છે તેના વિષે સુભાષિત લહરીમા એક વિનોદી કવીએ કહ્યુ છે धनानि भुमौ पशवश्चगोष्ठे भार्यागृह द्वारी जनः स्मशाने देहश्चितायां परलोकमार्गे कर्मानुगो गच्छति जिवएकः મરી ગયા પછી ધન ભોયમા હોયતો ત્યાજ રહે છે પશુ તેના વાડામા ભાર્યા ઘરના બારણા સુધી, ઇતરજન સ્મશાન સુધી અને દેહ ચીતા સુધી તેની સાથે માત્ર તેના સારા નરસા કર્મ જાય છે

ત્યારે આ ઉપરથી એટલુ જણાય છે કે જે શરીરને આપણે દહન કરીએ છીએ અથવા દાટીએ છીએ તે ફરીથી દ્રષ્ટી

ગોચર રીતે કવી થશે પણ કદાપી કોઈ એવી શકા લાવશે કે તે શ-
રીર જોકે ન દેખાય તોપણ તેના જેવુ શરીર ધારણ કરવાને ભુતમા
સામર્થ્ય રહેલું છે આ શકાના ઉપર પ્રત્યુત્તર કરવો ઘણો કઠણ છે
કારણ આ પચેદ્રિય વિષયા સૃષ્ટી સિવાય બીજી સૃષ્ટીનું માણસ-
ને બીલકુલ જ્ઞાન નથી તેવીજ રીતે યમપુરી સોરિપુર શૈનાગમ,
કુરપુર વિગેરે નગરીની વ્યવસ્થા ઇટ લોકમા જાણવાને આપણી
પાસે બીનકુલ સાધન નથી પેહેલુ પ્રમાણ જે ભુતની સભવ્યતા
તેના વિષે આ વિવેચન કર્યું, હવે પ્રત્યક્ષ પ્રમાણ તેના વિષે
વિચાર કરીએ

અમારા પોતાના મત વિષે જો કોઇ અમને પુછશે તો અમે
બેધડક કહીએ છીએ કે સૃષ્ટીમાના અદ્ભુત ચમત્કાર જોવાની જેમ
મનુષ્ય માત્રની ઈચ્છા હોયછે તેમ અમારી પોતાની પણ છે. વધારે
તો શુ પણ દેશદેશના વિદ્વાન અને શોધક માણસોની વતી અમે
કહેવાને હિમત કરીએ છીએ કે જો કોઇ ભુત ખવીશ કે ચુડેલ બતાવ-
વા ખુસી હશે તો ગયા હરદ્વારના કુભમેળામા અથવા ગઇ ચૈત્રી પુ-
નમના રેવાજીના મેલામા જે ભીડ થઈ હતી તેના કરતા પણ વિશેષ
ભીડ તે જોવાને થશે અને મત્રતત્રની વિલક્ષણ ભટ્ટી જેના તાબામા
છે તેને પિશાચનો રાજા જે કુબેર તેની પાસેથી પણ ન મલી શકે
એવી વિપૂલ સપત્તિ દેશદેશના લોકો આપશે અસ્તુ ત્યારે ભુત નથી
એને માટે આ એક જબરજસ્ત પ્રમાણ છે જો કદાપી હોત તો
તેવો લાભ કયારનો બહાર પડી નાદીરશાહ જેમ વિપુલ દ્રવ્ય લઈ
સ્વદેશ ગયો તેવી રીતે તેપણ અણગલ દોલતનો ધણી થયો હોત
આપણે એવી કલ્પના કરીએ કે અમુક અમુક માણસે દેવની

સાંત્વના કરી ભુત વશ કર્યું છે અને તેથી તેને નાના પ્રકારના ચમત્કાર કરી બતાવવાની શકતિ છે ત્યારે તે બિચારો આવા ઉપાય કરી પૈસો કેમ ભેગો કરતો નથી? કોણ જાણે! જે માણસ પોતે સાધેલા પિશાચને આજ્ઞા કરી હલનકની હાટેથી પેંડા બરફી મંગાવી શકે છે તેને પોતાની કોટડીમા બાજરીના રોટલા અને કુશલીનો દડો મલવાને પણ મુશકેલી પડે એ આશ્ચર્ય નથી શું? તેજ પ્રમાણે જે ખોપરીમા એવો ગુણ છે કે પૈસાનો સ્પર્શ થતા રૂપિયો થાય છે તેજ બીચારી ખોપરી એની ઝુપડીમા કેમ સ્વસ્થ પડી રહે છે ધારો કે કોઈ માણસ પાસે કામધેનું છે તો તેનો ઉપયોગ તે ઘેરઘેર બતાવી તેના ઉપર પૈસા બે પૈસા લઈ પોતાનો ઉદર નિર્વાહ કરશે શું? ત્યારે હુ કામા કહેવાનું એટલુજ કે પિશાચ એ વાત મુળમાજ ખોટી છે તો પછી તે કોઇના તાબામા છે એ બીજાકુથ સંભવતું નથી

હવે ત્રીજુ પ્રમાણ જે વિશ્વાસ પાત્ર મનુષ્યનું ભાષણ અથવા લેખ એમા કેટલુ તથ્ય છે તેનો વિચાર કરીએ આમા મુખ્ય મુદ્દાની વાત એટલીજ છે કે જે માણસ એવી ભુતોની વાતો કરેછે તેને જો કદાપી આપણે પુછીશુ કે તમે આ પ્રત્યક્ષ જોયુ શું? તો તે નકારમાજ જવાબ આપશે, અને એવુ કહેશેકે મે જોયુ નથી પણ સાભળેલી વાત છે

કોઇ પ્રાચીન પુસ્તકમા અમે ભુત નજરો નજર જોયું એવો લેખ લખેલો અમારા સાભળવામા નથી અર્વાચીન વખતના થોડા ઘણા પુસ્તકોમા તેનાથી જુદાજ પ્રકારની હકીકત મલશે. ગુજરાતના રાજા સિદ્ધરાજ જયસિંહે બાબરા ભુતની સહાય

ઇને મોટા મોટા કામો કરેલા એવુ કહેવાય છે પણ આપણે જરા વિચાર કરીશુ તો તરતજ જણાશે કે જેને ભુતની સહાય તેને શખેગારનો પરાજય કરતા એક તપ કેમ કરવુ પડયુ હતુ ને તેમા તેનો જય થયો તે દેહલ ને વિહલ ફુટયા માટેજ અરતુ નીભાજી કૃત ભક્તમાલમા તુલસીદાસ કવિનું ચરીત્ર કેને માની ભાજીએ એવું લખ્યુ છે કે તુલસીદાસ દરરોજ ઘણે દુર એકાંતમા જંગલ જતો અને રહેલુ લોટા માનું પાણી તે પાસેના એક ઝાડમા દરરોજ નીયમસર નાખતો ભુતને એવુ પાણી વધારે પ્રીય છે તેથી તે પાણી નાખનાર અર્થાત તુલસીદાસ ઉપર ભુત પ્રસન્ન થયો અને પ્રત્યક્ષ દેખાવ દઇ તેને તુલસીદાસને કહયુ કે હું તારા કૃત્યથી પ્રસન્ન થયો છુ માટે તારે જે જોઇએ તે તું માગી લે ત્યારે તુલસીદાસે કહયુ કે મારે રામચંદ્રજીના દર્શન કરવાની ઇચ્છા છે તે પૂર્ણ કરાવ. તે સાભલી ભુતે જવાબ આપ્યો એ કામ મારાથી થઇ શકવાનું નથી એને માટે તારે બીજો રસ્તો પકડવો જોઇએ વિગેરે વિગેરે હવે જો આનુ ખંડન કરવા બેસીએ તો તે થઇ શકશે પણ જગ્યા વધારે રોકાય માટે ટુંકામાજ લખુ છુ કે તુલસીદાસ એ અકબરના વખતમા હયાત હતો તેજ વખતે ગંગ સુરદાસ વિગેરે કવિઓ પણ તેની વખતમાજ હતા તુલસીદાસને જે આટલુ જ્ઞાન પ્રાપ્ત થયુ અને વિદ્વતાની ઝલક પોતાની રામાયણમા તેણે જે વાપરી છે તે કબીર તુકારામ વિગેરે તેના પહેલા થઇ ગયેલા કવીઓના કવિતા વાંચીનેજ એમ કહીએ તો અતિશયોકતિ જણાશે નહિ કબીર તો બીચારો કશાને પણ ન માનતા કેવલ ભકિત રસમા રમી

સ્દગે છે 'વે ભેદ ન જાનો શાસ્ત્ર નજાનો જાણો તેરા નામ, કહેત કબીરા સુનોભાઇ માધુ પ્રીતિ કરો મુજરામ' આ સિવાય જ તર મતર વૈદ જોતીશી એ સમ દુકાનદારી વિગેરે" તેના પદોથી તેણે તો એ વિષયો ઉપર તરવારજ પકડી છે તુકારામ આ કેવલ સાધુ હતો, ભુત વિષ તેનો એક સર્વ પ્રસિદ્ધ અભગ જાણીનો છે- તેનુ તાત્પર્ય એટલુજ છે કે ભુત એ કેવલ જુડીવાત છે માણસ ને ભ્રમ થાય છે તે સિવાય બીજુ કાઇ નથી અસ્તુ ભર્તૃહરી-એ પણ એક સ્થલે લખ્યુ છે કે **मन्त्राराधनतत्परेणमनसा नीताः स्मशाने निशाः।** મત્રારાધન કરવાના હેતુથી રાત્રે સ્મશાનમા ગયો. પણ જે બિચારો કવિ એક સ્થળે જન્મમા આવ્યાનું ખડ સાર્થક કહ્યુ અટલ સુ સાસગ તેના વગર તે પશુ તુલ્ય છે નાના પ્રકારના ભોગ કરવા **वक्षासिप्रियतमाम नोहरास्त्वर्गएवपारि शिष्ट आगतः** એવી પદ્મણીઓ ભોગવવી વિગેરે વિગેરે લખે છે તે બિચારો કવિ પાછો વૈરાગ્ય શતકમા--

भोगे रोग भयंकुलेच्युति भय
वित्ते नृपालाभ्दयं भयं माने दैन्यभयं
बले रिपू भयं रूपे तरुण्या भयं
शास्त्र वाद भयं गुणेखल भयं
काये कृतांताभ्दयं सर्व वस्तु भया
न्वितं भुविनृणां वैराग्य मेवा भय

એવુ કહે છે ત્યારે જેમ જેમ તેને અનુભવ થતો ગયો તેમ તેમ સર્વ ખરી હકીકત તે પ્રગટ કરવા લાગ્યો અસ્તુ આજ કાલ ઘણા ઇંગ્લીશ મરાઠી અને ગુજરાતી પેપરોમા પણ ભુતની વાતો આપણે વાચીએ છીએ પણ તેમા કેટલુ સત્ય રહ્યુ હશે તે કહેવુ એ બીલકુલ મુશકેલ નથી સને ૧૮૯૨ના અકટોબર મહિનાના પુના વૈભવ નામના મરાઠી પેપરમા ખુન વિષે એક ચમત્કારીક હકીકત આવી હતી તે આ સ્થલે હુ ભાષાતર કરી લખુ છુ

કર્જત તાલુકામા સેહકુરી ગામમા હમણા થોડા દિવસ ઉપર જે ખુન થયુ તે ઉઘાડુ પડયાની હકીકત બહુ ચમત્કારીક છે કોઈ એક કણબીએ પોતાના નજીકના સગાનુ ખુન કર્યુ અને તેનુ પ્રેત ગામની પાસે આવેલા ઝીરણના ડુગર ઉપર જઇ મુકયુ તે ખુન બદલ ગામના લોકોએ સર્પદંશ થવાથી મરણ થયાનું જાહેર કરી પચ ક્યાસ કર્યો અને તે પ્રમાણે રીપોર્ટ કર્યો તે સબધી ચીફ કાન્સ્ટેબલ અને મામલતદાર તે ગામમા તપાસ કરવાને ગયા પણ ખુન થયાનુ તેમની જાણમા કાઇ આવ્યુ નહિ પછી થોડા દિન પછી એવી હકીકત થઇ કે પેલા ખુન થયેલા કણબીની મા ઓડીયા પ્રાતમા આવેલા સબલપુર જીલ્લામા રેલવે લાઈનપર રહેતી હતી ત્યા પેલો મરી ગયેલો માણસ તેના સ્વપ્નામા જઇને કહેવા લાગ્યો કે અમુક માણસે અમુક વખતે અમુક સ્થલે મારૂ ખુન કરેલુ છે, અને મારૂ સબ ઝીરણીના ડુગર ઉપર મુકેલુ છે આ ઉપરથી તે બાઇ ત્યા આવી તજવીજ કરવા લાગી તો તેને જણાઈ આવ્યુ કે તે મુડદુ ઝીરણીના ડુગર ઉપરથી આણી પછી બાળ્યુ હતુ. આ ઉપરથી તેણે માજીસ્ત્રેટને આ હકીકત જાહેર કરી તે ઉપર

થી તપાસ કરતાં ખુન કરનાર માણુસ પકડાયો અને આખરે કબુલ પણ થયો, વિગેરે આવી અનેક પ્રકારની વાતો આપણે ઘણી વખતે પેપરમાં વાચીએ છીએ વધારે દુર જવાની શી જરૂર છે. ગયે વર્ષે મુંબઈમાં જે હુલ્લડ થયુ ને તેમાં ઘાટી લોકોએ વિલક્ષણ શૌર્ય બતાવી મુસલમાનોનો પરાજય કીધો તેના વિશે એક મરાઠી વર્તમાન પત્રવાલાએ એવુ લખ્યુ છે કે નાગપુરમા એક હનુમાન નું દેરૂ છે તેમા જે દિવસે હિંદુઓએ મુસલમાનોને હરાવ્યા તે દિવસે તે હનુમાનને અતિશય પરસેવો આવતો હતો માટે હનુમાન ઉરફે અંજની પુત્ર હિંદુઓને સહાય કરવા ગયેલા તે તેના શ્રમથી તેમને પરશેવો આવતો હશે આવી વાતો જો કોઇને વધારે જાણવાની જરૂર હોય તો ભુત નીબંધ ગુજરાતી પુર્ણેન્દુમિત્ર, નુરએલમ, શ્રી મિત્ર, વિગેરેમા વાચવી હવે આમા કેટલુ સત્ય રહેલુ છે તેના વિશે જો વિચાર કરીએતો વેણી સંહાર નાટકમાં લખ્યા મુજબઃ—

ग्रहाणां चारितं स्वप्नो निमित्तो त्पादकं तथा
फलंति काकतालीयं तेभ्यं प्राज्ञा नबिभ्याति

આ પ્રમાણે ત્રણે બાબતો વિષે વિચાર કર્યો હવે ભુત છે એવી જે કલ્પના લોકો કરે છે અને ભુતના અસ્તિત્વ બદલ તેઓ પ્રમાણ ધારે છે તેના વિશે જરા લખીએ. પહેલા પ્રથમ તેઓની સમજ એવી હોયછે કે ભુત છે જો કદાપી નજ હોતતો ભુત ડાકણ ખવીસ એ શબ્દો ભાષામા કેવી રીતે આવત ને અમરસિંહના અમરકોશમા જે ભુતના નામ આપેલાછે તે શામાટે આપત જો એ વસ્તુ મૂળ દુનીયામા પેદા થતીજ ન હોતતો તે શબ્દ કેવી રીતે નિકળત ! -

આ કહેવુ ખોટુ નથી. પણ હવે અમે એવો પ્રત્યુતર કરીએ છીએ કે જો ભૂત હોતતો તે બહાર પ્રગટ થયા વગર કેમ રહેત નિદાન એટલુ તો ખરૂ કે આજના જમાનામા એન કેન પ્રકારેણુ અમારા પાશ્ચાત પ્રભુ તેની પૂર્ણ શોધકરી અજવાળામા મુકયા વગર કદી રહેત નહી પછી કોણુ જાણે કે જેમ ઈસોપ નીતિમા એક વાત છેકે ઊંદરોએ પોતાની સભા ભરી જેમ નિર્ણય કર્યો કે બિલાડીની બીકે હવેથી કોઇએ હું કે ચું ન કરવુ તે પ્રમાણે ભુતોએ પોતાની કૌન્સીલ ભરી બહાર દેખાવ ન દેવાને માટે ઠરાવ કર્યો હોય તો પ્રભુ જાણે બીજી કલ્પના હોય છે કે ભુત માત્ર અંધારામા નજરે પડવાનું આના વિશે વિચાર કરતા શુ જણાશે' ભુત માણુસને અદૃષ્ય છે ગમે તેવુ સ્વરૂપ ધારણુ કરવાને તેનામા શકત છે ત્યારે અજવાળામા આવવાને તેને બીક શેની ! જે મૂળથીજ અદૃષ્ય તેને અધારૂ શુ? અને અજવાળુ શુ? નપુશકને જેમ પુરૂષને કે સ્રીને ચુબન દેતા સરખુજ અથવા કસદને જેમ ભાડાનું ટટુ અને કોઇ મહારાજનો ખાસ બેસવાનો અશ્વ સરખોજ તેમ ભુતને અજવાલુ અને અધારૂ એ સરખુજ છે તેમજ વળી જેને સપ્તતાડ સુધી ઉચુ થવાની શકિત છે તેને વ કશ્ચિત માણુસના બળની શી પરવા? સાધારણુ લોકોની એવી સમજ હોય છેકે મર્ણવખતે જેની આશા કશામા રહી જાયછે અથવા પોતાના શત્રુનુ વેર બરોબર જીવતા ન લેવાથી ભુત થઈ તે શત્રુને દુખ દે છે હવે જો આને ખરૂ માનીએ તો ભુત થયેલા માણુસને પોતાના શત્રુનું યથેચ્છ વેર લેવાની કેવી મજાની તજવીજ છે પોતે અદૃષ્ય જોઈએ તેટલુ સામર્થ્ય ગમે ત્યા ગમે તેટલી ત્વરાથી જવા

ની શકિત, એટલા વાના પોતાની પાસે છતા પછી તેને શેની અવશ્યકતા છે તેના શત્રુને નમોદ કઢી તેના ઘરની અને તેના સામાની અફરાતફર કરવાને તેને શાનાર છે પણ આજ સુધી આવો મનાર બનેલો કોઇ સ્થને સાભળવામા નથી એશુ? પછી ભુતોને હાઇકોર્ટ ની તો બીક લાગતી નહી હોયને! આ સિવાય ભુતો ગનીન જગ્યામા અને એકાતમા વાસ કરે છે ત્યા ને કોઈ કોઇ વખત એકલા એકના જતા માણસની નજરે આવે છે અધારૂ અને એકાત વાસ તેમને વધારે પ્રીય છે તો શિવાજી મહારાજ જેવા શુરવીર સેનાપતિ કે જેનો જન્મ ડુગરોમા નિર્જન અરણ્યમા રાત્ર અને દિવસ ભટકવામા ગયેલો તેને કોઈ દિવસે ભુતે બીવડાવ્યા નથી કે ગરકાન કર્યા નથી એનુ! અવરગજેબને જેમ શિવાજીની બીક લાગતી હતી તેમ ભુતને લાગી હશે તો તે અમારાથી કહી શકાતુ નથી હવે એક મુદા વિશે વિચાર કરીએ ઘણા લોકો આપણને કહે છે કે ભાઇ જો ભુત એ વાત ખોટી હોત તો એ વાત આખી દુનીઆમા શી રીતે પ્રસરત, અને દરેક દેશમા તે સવિશે અનેક વાતો કેવી રીતે ચાલત ભુત વિશે જે અનેક વાતો ચાલે છે તેમ બધી ખોટી કેમ કહી શકાય તેમાની ઘણી ખરી જોકે ભોળા અને લુચ્ચા લોકોએ કહી હશે તોપણ બધી વાતો ખોટી છે એમ કહેવાને તમારી પાસે શુ આધાર છે! આ અનેક વાતોમાથી થોડી વાતો પણ ખરી હોવીજ જોઈએ અગ્નિ સિવાય ધુમાડો નિકળશે કેવી રીતે! રજ વગર ગજ કેવી રીતે થશે! આ તેમનુ કહેવુ વિચાર કરતા ખરૂ હોવાનો સભવ દીસે છે કેટલા નામાકિત ગ્રથકારોએ ભુત વિશે ઉડતા ઉડના અભીપ્રાય

આપેલા છે. શેકસપીઅરના હૅામ્લેટ નાટકમા ભુતનો દેખાવ ઉત્તમ રીતે બતાવ્યો છે આ બધુ ખોટુ હોવાનો સભવ છે કેટલે દરજ્જે ખોટુ મનાય પણ આ સ્થલે આપણે એટલોજ વિચાર કરવાનો છે કે આ બાબત ઉપર આખા જગતના અભીપ્રાય કામના નથી પચ બોલ્યા સો પરમેશ્વર એ કહેનત આ સ્થલે લાગુ પાડવાની નથી જેમ કોઈ રત્નની પરીક્ષા કરવી હોયતો હજારો લોકોને ભેગા કરી થવાની નથી, તેજ પ્રમાણે ભુત વિશે પણ અનેક લોકોના મત ભેગા કરી વિચાર કરવાનો નથી પહેલા ઉદાહરણમા જેમ એક ઝવેરીનુ મત કરોડો અલફાકે માણસના મત કરતા હજાર દરજજે વધારે છે તેજ પ્રમાણે ભૂત વિશે પણ તત્વ વેત્તાનુ મત બીજાના મતો કરતા વિશેષ સમજવાનુ છે પૃથ્વી ફરેછે કે અચલ છે અટલાન્ટીક મહાસાગરની પેલી તરફ ભુમી છે કે નથી એ બે વાદમા જેમ આખી દુનીયાના મત ખોટા ઠરી ગ્યાલીલીયો અને કોલમબસના મતો ખરા ઠર્યા તેજ પ્રમાણે હરેક વાતમા થતુ આવ્યુ છે આ વાત દેખીતીજ છે જેની આખો સાફ એવા માણસનુ જોઈ ઠરાવેલુ ખરૂ કે પચાસ આંધળા છે અને સો આખમા ફુલા પડેલા છે એમણે જોઈ નિર્ણય કરેલુ ખરૂં અસ્તુ ત્યારે આ ઉપરથી આપણને શુ જણાશે કે ભુત એ તદન ખોટી વાત છે હવે ટુકામા એટલુજ કહુ છુ કે જો ભુત નજરે દેખાય છે ત્યારે જેની આપણને માહીતી છે તેજ કેમ નજરે આવે છે સો બશોવર્ષ પહેલાના ભુત કેમ નજરે જણાતા નથી તેજ પ્રમાણે માત્ર માણસોજ ભુત કેમ થાય છે દેહ છોડી ગયેલો આત્મા એને જો ભુત કહીએ તો પશુ પક્ષી વિગેરેમા થવુજ જોઈએ

ત્યારે ફલાણો ઘોડો અથવા ફલાણો કુતરો ભુત થઇ ફલાણે સ્થલે છે એવુ કેમ કોઇએ સાભળ્યુ નથી

ત્યારે હવે ટુંકામા એ શબ્દ લખી વાચનારની રજા લઈશું–ભુત વિષેની વાતો અનાદિ કાળથી ચાલતી આવેલી છે આપણા હિદુસ્તાનમા તો શુ પણ ચીન ટાએટ અને ઇગ્લાડમા પણ તેવા વહેમો પ્રથમ ઘણા હતા વિદ્યાદેવીનુ રાજ્ય દિનપ્રતી દીન વધવાથી વહેમો હવે ઓછા થતા જાય છે ગરૂડ પુરાણમા લખ્યુ છે કે મર-નારનો દિકરો પિડદાન ન કરેતો તે ભુત થાય છે તથા જે આત્મ હત્યા કરે અથવા ઢોલીયાપર કે પથારીમા મરે તે પણ ભુત થાય છે ભુત થવાના આવીજ જાતના કારણો બીજા શાસ્ત્રમા બતાવ્યા હશે ત્યારે તેના વિરૂદ્ધ અમે અમારી કલમ ચલાવી એ એક રીતે ધાડસતો ટુંજ પણ જયા સુધી અમને આ વાત કોઈ ખુલ્લી રીતે બતાવશે નહિ ત્યાસુધી તે દોષ ખુશીથી અમે મસ્તકપર ધારણ કરીસુ શરીરમા હનમાન આવી આવનાર માણસ ધુણે છે મત્રથી લોકોનો જીવ લેવાય છે અને એવીજ પ્રકારના દુર્ઘટ કામો કરાય છે તે માનવાનો વખત હવે ગયો જો અમે ચાળીસ પચાસ વર્ષો ઉપર અવતીર્ણ થયા હોત તો આ વાતો અમે ખરી માનત, પણ આજના સમયમા આ વાતો કેવળ માનવા લાયક નથી જે માણસના શરીરમાંહનુ-માન પેશીને ધુણતો હશે તે હનુમાન સત્પાત્રી ખરો અને પાત્ર પાત્રની પરિક્ષા પણ સારી રામચદ્રજીની સેવા મુકી લોકોના શ-રીરના પેસી ધુણવાનો ઉદ્યોગ કરે છે તેમા શું ખોટુ છે? ત્યારે કહેવાનુ એટલુંજ કે ભુત, મત્ર, તત્ર વશીકરણ એ કેવળ ભ્રાંતિ છે કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ પોતાના ભુત નીબધમા

અને કૈલાસવાસી વિષ્ણુશાસ્ત્રીએ પોતાના લોકભ્રમ નામના નિબ-ધમા આના વિરૂદ્ધ અભિપ્રાય આપ્યા છે એ કેમ (આ બે પુસ્ત-કોનો આધાર આ પુસ્તકમા લેવામા આવ્યો છેજ)

મારા સ્વદેશી બન્ધુઓ આ વહેમથી જલદી મુક્ત થાય અને પાછળી જે દેશમા સિદ્ધરાજ, કુમારપાળ અને ભીમ એવા એકેક શુરવીર નૃપો થએલા, જે દેશમા ભક્તિ રસમા રમી રહેલો નરસિહ, શામળભટ્ટ, પ્રેમાનંદ વિગેરે ગુજરાત ભૂષણ કવિઓ થએલા, જે દેશમા કીર્તિકેરા કોટરા કદી નહિ પડત એવી ઇમારતીના કામો ફરી સર્વ ભક્ષક કાળના તડાકામા ગયેલા તે દેશમા પાછુ પોતાનુ ગત વૈભવ પ્રાપ્ત થાઓ, સ્વધર્મા ચરણનુ પ્રાબલ્ય વધો અને આવા હાનીકારક વહેમોથી જલદી લોકો મુક્ત થાઓ એટલીજ આમારી અવીચળ અનાદિ પ્રભુ પાસે પ્રાર્થના છે.

સમાપ્ત.

આ ચોપડી નીચેને સ્થલેથી વેચાતી રોકડી કીમતે મલસે.

પેટલાદ—કર્તા પાસેથી.

સુરત—એમ જે પોરટવાલા નાણાવટમા.

અમદાવાદ—સત્યપ્રસાદ ભગવાનલાલ બાદશાહ ભાણીની પોલ

ડાકોર—માધવરાવ બાપુજી શ્રીગોડેકર સ્ટેસનપર.

વડોદરા—નરહરરાવ વામનરાવ ફુગલ સરકારી છાપખાનુ

પાટણ—મોહનલાલ દલપતરામ વ્યાસ કલાભુવનમા માસતર

પરદેશીઓ ટપાલને માટે અડધો આનો વધારે મોકલશો

તઈયારીમાં.

સુભાષિત લહરી—(કર્તા ના બા બિડાલકર ના ભુ પટેલ) મનને આણંદ આપનાર ધર્મ રગ ચડાવનાર, જુસ્સો બક્ષનાર ટુકામા કહીએતો આના જેવુ પુસ્તક ગુજરાતીમા બહાર પડયુ હશે તો આ પ્રથમજ છે પુસ્તક લગભગ ૪ ફારમનુ થશે પ્રથમ ગ્રાહક થનાર પાસેથી કિમત માત્ર નામની એટલે આના ૦-૬-૦ (ટપાલ ખરચ માફ) પાછલથી આના આઠ પડશે પ્રથમથી થનારા ગ્રાહકોના મુબારક નામો પુસ્તક પાછલ છાપી અમર કરવામાં આવશે.